# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-09-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાજ્ય સરકાર-રાહત અને બચાવ કામગીરી:

કચ્છ અને બનાસકાંઠામાં ભારે વરસાદથી જનજીવનને અસર થઈ છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગરમાં માધ્યમોને માહિતી આપતા કહ્યું કે, રાહત અને બચાવ કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

દરમ્યાન, રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ કહ્યું છે કે, ૨૫-૩૦ વર્ષમાં ન પડ્યો હોય તેવો વરસાદ પડ્યો છે. જેથી, તેઓ વરસાદને લઈ ખેડૂતોને થયેલા નુકસાન અંગે સર્વે કરવા સરકારને રજૂઆત કરશે.

---

## કચ્છમાં આજે વરસાદની સ્થિતિ:

કચ્છમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. તેમ છતાં નખત્રાણા તાલુકામાં આજે સવારે ધોધમાર વરસાદ થયો છે. લખપતમાં પણ છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ થયાના સમાચાર મળ્યા છે.

જીલ્લા કંટ્રોલ રૂમ પાસેથી અમને મળેલી વિગતો અનુસાર, આજે નખત્રાણા તાલુકામાં ૩૦ મીલીમીટર અને લખપત તાલુકામાં ૬ મીલીમીટર વરસાદ નોંધાયો છે. જીલ્લાના બાકી તાલુકાઓમાં ક્યાંયથી આજે વરસાદના અહેવાલ નથી.

નખત્રાણા તાલુકાના મોટી ચુર થી સમાચાર મિત્ર અબ્દુલ સલામભાઈ જણાવે છે કે, ૫ થી ૭ ઇંચ વરસાદ પડવાના કારણે ગુવાર, એરંડા સહિતના ખેતી પાકોને નુકસાન થયું છે.

---

## રાજ્યમાં કુલ સરેરાશ વરસાદ:

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 108 ટકા સુધી પહોંચ્યો છે. તેમાં પણ સૌથી વધારે 119 ટકા જેટલો સરેરાશ વરસાદ ઉત્તર ગુજરાતમાં નોંધાયો છે. રાજ્યના 103 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. જ્યારે 135 બંધ હાઈ-અલર્ટ અને 20 બંધ અલર્ટ પર રખાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં પણ જળ સંગ્રહ 91 ટકા સુધી થઈ ગયાના અહેવાલ છે.

દરમિયાન હવામાન ખાતાએ આજે કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળો પર ભારે વરસાદની આગાહી કરી છે. તો માછીમારોને 12 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

---

## રોડ-રસ્તાઓના રીપેરીંગની કામગીરી:

જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી પડેલા ભારે વરસાદના લીધે વિવિધ રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થયા છે. રાપર અને ભચાઉ તાલુકા સહિત કચ્છના વિવિધ રસ્તાઓને રિપેર કરીને વાહન વ્યવહાર પૂર્વવત કરવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.

રાપર તાલુકાના વામકા લખાવટ રોડને પાણીના ઓવરટોપિંગના કારણે વાહનવ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી હતી. જોકે, હવે પાણી ઓસરી જતા ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાને રિપેરીંગ કરવા માટે ટીમો કામે લાગી છે. ઝડપથી રોડ મોટરેબલ થાય તે ઉદેશ્ય સાથે ટ્રેકટર, જેસીબીની મદદથી કામગીરી શરૂ કરાઈ છે. માટી અને કપચીની મદદથી રોડ રસ્તાને મોટરેબલ કરવામાં આવી રહ્યા છે તેમ માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય) દ્વારા જણાવાયું છે.

---

## આધોઈ-નારા રોડ:

ભારે વરસાદ અને પાણીના પ્રવાહના લીધે ભચાઉ તાલુકામાં આધોઈ-ગામડાઉ-નારા રોડને નુકસાન પહોંચતા આ રોડ બંધ કરવામાં આવ્યો હતો. આજે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડને ફરીથી વાહનચાલકો માટે શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેસીબી સહિતના સાધનોથી માટીનું પુરાણ કરીને રોડને મોટરેબલ કરવામાં આવી રહ્યો છે.

---

## પોલીસ બંદોબસ્ત:

જીલ્લામાં ભારે વરસાદને લઇને પશ્ચિમ કચ્છ પોલીસ એલર્ટ થઇ છે અને નદી-નાળા અને ડેમ વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી કંટ્રોલ રૂમ મારફતે સરપંચો સાથે સંપર્ક કરી જરૂરી સુચન કરવામાં આવ્યા છે.

કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પશ્ચિમ કચ્છ પોલીસ વડા વિકાસ સુંડાએ ડીવાયએસપી અને તમામ પોલીસ મથકના અધિકારીઓને ચુસ્ત બંદોબસ્ત રાખવા જણાવી તેમજ નીચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાયા હોય તો વહીવટી તંત્ર સાથે સંકલન કરી લોકોને અન્ય જગ્યાએ ખસેડવા સુચના આપી હતી. ધુણારાજા તેમજ રૂદ્રમાતા ડેમ પર પોલીસ જવાનોને ફરજ પર રખાયા છે.

ચાલુ વરસાદે રોડ રસ્તા પર ટ્રાફિક ન થાય તે માટે પોલીસ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહી છે. ભુજના હમીરસર તળાવના કિનારે અને ઓગન પર પણ પોલીસની ટીમ રાખી દેવાઈ છે. આ ઉપરાંત નદી અને દરિયા કિનારા પર પણ સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા લોકોને ઓગનતા ડેમ અને નદી નાળા તરફ ન જવા અપીલ કરવામાં આવી છે.

---

## સામખિયાળી હાઈવે:

ગઈકાલે પડેલા ભારે વરસાદને કારણે ભચાઉ તાલુકાના સામખીયાળી નજીક હાઈવે પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. ટોલગેટ નજીક હાઈવે પર પાણી ભરાતા ખુદ પોલીસવડા સાગર બાગમાર સ્થળ પર પહોંચ્યા હતા અને સ્થાનિક પોલીસે પાણી નિકાલની વ્યવસ્થા કરી હતી.

દરમિયાન આજે મોરબી ધોરીમાર્ગ પર ગઈકાલના ભરાયેલા પાણીનો નિકાલ ન થતાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હોવાના અહેવાલો મળ્યા છે. સામખીયાળી પોલીસના જવાનો વાહન વ્યવહાર સામાન્ય કરવા સતત પ્રયાસ કરી રહ્યા છે.

પાણી ભરાવાને કારણે અંદાજે 3થી 4 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. મોરબી-અમદાવાદ તરફ જતા વાહન ચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------------------

## હમીસરના વધામણા:

ભુજ શહેરના હૃદયસમું અને ઐતિહાસિક હમીરસર તળાવ સતત ચોથા વર્ષે ઓવરફ્લો થતા આજે સવારે ભુજ નગરપાલિકાના પદાધિકારીઓએ પાવડી નજીક વાજતે-ગાજતે નવા નીરનું વધામણું કર્યું હતું. હમીસર ઓગની જતા જીલ્લા મથક ભુજ સહીત સમગ્ર કચ્છી પ્રજામાં આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે.

ઉલ્લેખનીય છે કે, જીલ્લામાં ગઈકાલે પડેલા ભારે વરસાદના કારણે મોટાભાગના નદી-નાળા અને ડેમ છલકાઈ ગયા છે. અનેક જળાશયોમાં નવા નીરની આવક થઈ છે.

---------------------------------------------------------------------------------------------------

## સામખિયાળી ટોલ પ્લાઝા:

સામખિયાળી ટોલ પ્લાઝા નજીક આજે સવારે કંડલાથી ઉત્તરપ્રદેશ જતા LPG ટેન્કરમાં લીકેજ થતા સામખિયાળી ટોલ દ્વારા સલામતીના ભાગરૂપે એક કલાક સુધી વાહન વ્યવહાર

બંધ રાખવામાં આવ્યો હતો. ફાયર વિભાગની ટીમે આધુનિક સાધનો સાથે પહોંચી તાત્કાલિક કામગીરી શરૂ કરી પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. આ ત્વરિત કાર્યવાહીથી મોટી દુર્ઘટના ટળી હતી.

---------------------------------------------------------------------------------------------------